NHSRCL
National High Speed Rail Corporation Ltd.

DAINIK BHASKAR, Surat, 22.8.2022
Page No. 2, Size:(20.99)cms X (9.58)cms.

मंडे पॉजिटिव

काम की रफ्तार तेज

# बुलेट ट्रेन प्रोजेक्ट का सबसे पहले 1 KM लंबा वायाडक्ट नवसारी-सूरत के बीच बना, इस पर अब रेल ट्रैक बनाने की हो रही तैयारी

ट्रांसपोर्ट रिपोर्टर | सूरत

अहमदाबाद-मुंबई हाई स्पीड बुलेट ट्रेन परियोजना का सबसे पहला 1 किमी लंबा वायडक्ट सूरत-नवसारी के बीच बनकर तैयार हो गया है। पिछले साल जुलाई में बुलेट ट्रेन प्रोजेक्ट का निर्माण कार्य शुरू हुआ था। एक साल में वायाडक्ट भी तैयार कर लिया गया। यह वायाडक्ट सूरत-नवसारी के बीच चैनेज क्रमांक 238 नासिलपुर गांव में बनाया गया। केंद्रीय रेलमंत्री अश्विनी वैष्णव ने इसे परियोजना का माइलस्टोन बताया। 508 किमी लंबे अहमदाबाद-मुंबई हाई स्पीड कॉरिडोर के 162 किमी रूट पर पाइलिंग वर्क, जबकि 79.2 किमी रूट पर पिलर खड़ा करने का काम हो गया है। रूट में 51 सेगमेंट गर्डर की लॉन्चिंग कर दी गई है। 229 सेगमेंट गर्डर की कास्टिंग की जा चुकी है। इन्हें भी जल्द लॉन्च किया जाएगा। एक किमी वायाडक्ट तैयार होने के बाद इस पर स्टैंडर्ड गेज रेल ट्रैक बिछाने की तैयारी की जा रही है।



| अब तक ये काम किए जा चुके | पाइलिंग वर्क | पिलर वर्क | वायाडक्ट | सेगमेंट गर्डर कास्टिंग | सेगमेंट गर्डर लॉन्चिंग |
|---|---|---|---|---|---|
| | 162 किमी | 79.2 किमी | 1 किमी | 229 तैयार | 51 पूरी |

## 162 किमी बुलेट रूट का पाइलिंग वर्क पूरा हुआ

बुलेट ट्रेन कॉरिडोर महाराष्ट्र के मुंबई, ठाणे, पालघर और गुजरात के नवसारी, भरूच, सूरत, वापी, वलसाड, वडोदरा, आणंद और अहमदाबाद तक होगा। इस प्रोजेक्ट की कुल लागत 1.08 लाख करोड़ रुपए है। रेल मंत्रालय प्रोजेक्ट की मॉनिटरिंग कर रहा है। मंत्रालय ने बताया कि बुलेट ट्रेन का काम बिना बाधा के आगे बढ़ रहा है। 162 किमी रूट का काम हो गया है। इसमें 80 किमी रूट पर पिलर बना लिया गया है।

## बुलेट ट्रेन का ट्रायल वर्ष 2026 में किया जाना है

नेशनल हाई स्पीड रेल कॉर्पोरेशन (एनएचएसआरसीएल) के अधिकारियों ने बताया कि इस प्रोजेक्ट का सबसे लंबा वाला हिस्सा पैकेज सी-4 है, जो वापी-सूरत-वडोदरा के बीच 237 किमी का है। यह प्रोजेक्ट का कुल 46 प्रतिशत है। अधिकारियों ने बताया कि नवसारी से सूरत के बीच सेगमेंट लॉन्चिंग कार्य प्रगति पर है। बुलेट ट्रेन का ट्रायल साल 2026 में होना है, जिसे सूरत से बिलिमोरा के बीच किया जाना है।

- **प्रशिक्षण** | बुलेट ट्रेन रूट का निर्माण तेजी से हो रहा है। इसे ध्यान में रखते हुए एनएचएसआरसीएल चालक दल समेत अन्य कर्मचारियों को प्रशिक्षण देगा। इसके लिए ट्रेनिंग सिम्युलेटर मशीन मंगाई जा चुकी है।

**A span of up to one kilometer was arranged in the operation of bullet train in Navsari**

# નવસારીમાં બુલેટ ટ્રેનની કામગીરીમાં એક કિલોમીટર સુધીનો સ્પાન ગોઠવાયો



નવસારી,રવિવાર

**નવસારીનાં નસીલપોર ગામેથી પસાર થનારી બુલેટ ટ્રેન માટે નિર્માણ કરવામાં આવેલા પીલ્લર ઉપર એક કિલોમીટર સુધીનાં સ્પાન મુકવામાં આવ્યો હતો.**

## દક્ષિણ ગુજરાતમાં પિલ્લર નિર્માણની કામગીરી થઈ જતાં હવે તેના ઉપર સ્પાન ગોઠવવાની કામગીરી શરૂ કરવામાં આવી

અમદાવાદથી મુંબઈ વચ્ચે દોડનારી દેશની પ્રથમ બુલેટ ટ્રેનનું કામ એક પગલુ આગળ વધ્યું હતું. નવસારીનાં નસીલપોર ગામેથી પસાર થનારી બુલેટ ટ્રેનનાં નિર્માણ કરવામાં આવેલાં પીલ્લરો ઉપર રવિવારે હેવી મશીનરીથી વિશાળ સ્પાન ગોઠવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. લગભગ ૧ કિલોમીટર જેટલાં વિસ્તારમાં આ સ્પાન ગોઠવવામાં આવ્યા હતા. આમ બુલેટ ટ્રેનની કામગીરી એક પગલુ આગળ ધપી છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં હજી પણ બુલેટ ટ્રેન માટે જમીન સંપાદનની કામગીરી પુરી થઈ શકી નથી. પાલઘર સહિતનાં આદિવાસી વિસ્તારમાં લોકો બુલેટ ટ્રેનનો વિરોધ કરી રહ્યા છે. જ્યારે ગુજરાતમાં અને દમણ-સેલવાસમાં આ કામગીરી પુરી થઈ પીલ્લર નિર્માણની કામગીરી ચાલી રહી છે. દક્ષિણ ગુજરાતમાં પીલ્લર નિર્માણ થઈને હવે તેનાં ઉપર સ્પાન ગોઠવણી શરૂ થઈ છે. આ સમગ્ર બાબતોને ધ્યાને લઈને સરકારે આગામી ૨૦૨૬માં બુલેટ ટ્રેનનો પ્રારંભ સુરતથી બીલીમોરા વચ્ચે કરવાની અગાઉ જાહેરાત કરી છે. જેના પગલે લોકોમાં ઉત્સુક્તા જોવા મળે છે.

# First 1 km base of bullet train track ready at Navsari

## બુલેટ ટ્રેનના ટ્રેકનો સૌપ્રથમ 1 કિમીનો બેઝ નવસારીનામાં તૈયાર



નવસારી | અમદાવાદ મુંબઈ વચ્ચે દોડનારી દેશની સૌપ્રથમ બુલેટ ટ્રેન માટેનું કામકાજ છેલ્લા ઘણા દિવસોથી ગુજરાત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ચાલી રહ્યું છે. ઠેર ઠેર પિલરો નાખવામાં આવી રહ્યા છે તો ગડર સહિતના કામકાજ માટે અદ્યતન ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.હવે તો પિલર ઉપર ગડરનું કામ પૂર્ણ થઈ ટ્રેક માટેનો બેઝ પણ બનવાની શરૂઆત થઈ ચૂકી છે. સમગ્ર બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો 1 કિલોમીટરનો ટ્રેક માટેનો બેઝ (viaduct )નવસારી જિલ્લાના નસીલપોર ગામે તૈયાર થઈ ગયો છે, જેની જાણકારી આપતો ટ્વીટ ખુદ રેલવેમંત્રી અશ્વની વૈષ્ણવે કર્યો છે. તસવીર : ભદ્રેશ નાયક

NHSRCL
National High Speed Rail Corporation Ltd.

DIVYA BHASKAR, Surat, 22.8.2022
Page No. 2, Size:(13.15)cms X (25.33)cms.

**First 1 km base of bullet train track ready**

### હવે સ્ટાન્ડર્ડ ગેજ ટ્રેક નાખવાની તૈયારી શરૂ કરાઈ

# બુલેટ ટ્રેનના રૂટમાં સૌપ્રથમ 1 કિમીનો વાયાડક્ટ તૈયાર

### રેલ મંત્રીએ પૂર્ણ થયેલી કામગીરીને માઈલસ્ટોન ગણાવી



સુરત-નવસારી વચ્ચે નસીલપુર ગામમાં બનાવાયેલું વાયાડક્ટ.

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત

સુરત-નવસારી વચ્ચે અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો પ્રથમ 1 કિલોમીટર લાંબો વાયડક્ટ (ઊંચો બ્રિજ કે જેના પર ટ્રેક બિછાવાશે) પૂર્ણ થઈ ગયો છે. આ પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય ગયા વર્ષે જુલાઈમાં શરૂ થયું હતું. વાયાડક્ટ પણ 1 વર્ષમાં પૂર્ણ થયું હતું. આ વાયડક્ટ સુરત-નવસારી વચ્ચે નસીલપુર ગામમાં બનાવાયું હતું. કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે તેને પ્રોજેક્ટનો માઈલસ્ટોન ગણાવ્યો હતો. 508 કિમી લાંબા આ કોરિડોરના 162 કિમીના રૂટ પર પાઈલિંગનું કામ, જ્યારે 79.2 કિમીના રૂટ પર પિલર ઉભા કરવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. 51 સેગમેન્ટ ગર્ડરનું લોન્ચિંગ થઈ ચૂક્યું છે. 229 સેગમેન્ટ ગર્ડરનું કાસ્ટિંગ થઈ ચૂક્યું છે જેને ટૂંક સમયમાં લોન્ચ કરાશે. હવે સ્ટાન્ડર્ડ ગેજ રેલ ટ્રેક નાખવાની તૈયારી ચાલી રહી છે.

| પાઈલિંગ કામ | ગર્ડર કાસ્ટિંગ | પિલરનું કામ | ગર્ડર લોન્ચિંગ |
|---|---|---|---|
| 162 | 229 | 79.2 | 51 |
| કિલોમીટર | નંગ | કિલોમીટર | નંગ |

## 162 કિલોમીટરના રૂટનું પાઇલિંગ કામ પૂર્ણ

બુલેટ ટ્રેન કોરિડોર મહારાષ્ટ્રના મુંબઈ, થાણે, પાલઘર અને ગુજરાતમાં નવસારી, ભરૂચ, સુરત, વાપી, વલસાડ, વડોદરા, આણંદ અને અમદાવાદમાંથી પસાર થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ 1.08 લાખ કરોડ રૂપિયા છે. રેલવે મંત્રાલય આ પ્રોજેક્ટ પર સતત નજર રાખી રહ્યું છે. મંત્રાલયે કહ્યું હતું કે બુલેટ ટ્રેનનું કામ કોઈપણ અવરોધ વિના ઝડપથી આગળ વધી રહ્યું છે. 162 કિમીના રૂટનું કામ કરવામાં આવ્યું છે. જેમાં લગભગ 80 કિમીના રૂટ પર પિલર બનાવવામાં આવ્યો છે. આ સાથે 1 કિમી વાયાડક્ટ પણ બનાવવામાં આવી ચૂક્યું છે.

## બુલેટ ટ્રેનની ટ્રાયલ વર્ષ 2026માં થશે

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRCL) ના અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટનો સૌથી લાંબો ભાગ પેકેજ C-4 છે, જે વાપી સુરત અને વડોદરા વચ્ચે 237 કિમી છે. જે પ્રોજેક્ટણો 46 ટકા ભાગ છે.નવસારીથી સુરત વચ્ચે સેગમેન્ટ લોન્ચિંગનું કામ ચાલી રહ્યું છે. અહીં એક કિમી વાયાડક્ટ સિવાય કુલ 51 સેગમેન્ટ લોન્ચ કરવામાં આવ્યા છે. 229 સેગમેન્ટ ગર્ડરનું કાસ્ટિંગ કરવામાં આવ્યું છે. બુલેટ ટ્રેનની ટ્રાયલ વર્ષ 2026માં થવાની છે, જે સુરતથી બીલીમોરા વચ્ચે થવાની છે.

DIVYA BHASKAR, Ahmedabad, 22.8.2022
Page No. 4, Size:(19.84)cms X (16.73)cms.

## First 1 km base of bullet train track ready at Navsari

# બુલેટ ટ્રેનના ટ્રેકનો સૌપ્રથમ 1 કિમીનો બેઝ નવસારીમાં તૈયાર



નવસારી | અમદાવાદ મુંબઈ વચ્ચે દોડનારી દેશની સૌપ્રથમ બુલેટ ટ્રેન માટેનું કામકાજ છેલ્લા ઘણા દિવસોથી ગુજરાત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ચાલી રહ્યું છે. ઠેર ઠેર પિલરો નાખવામાં આવી રહ્યા છે તો ગડર સહિતના કામકાજ માટે અદ્યતન ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.હવે તો પિલર ઉપર ગડરનું કામ પૂર્ણ થઈ ટ્રેક માટેનો બેઝ પણ બનવાની શરૂઆત થઈ ચૂકી છે. સમગ્ર બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો 1 કિલોમીટરનો ટ્રેક માટેનો બેઝ (viaduct )નવસારી જિલ્લાના નસીલપોર ગામે તૈયાર થઈ ગયો છે, જેની જાણકારી આપતો ટ્વીટ ખુદ રેલવેમંત્રી અશ્વની વૈષ્ણવે કર્યો છે. તસવીર : ભદ્રેશ નાયક